# <u>જાહેરાત</u>

**સંદર્ભઃ ગેસ્ટ હાઉસ એટેન્ડન્ટ /આસી. કૂક કમ ગેસ્ટ હાઉસ એટેન્ડન્ટ ની જગ્યાઓ ભરવા બાબત આપવામાં આવેલ તા.૧૯/૧૨/૧૪ ના રોજની જાહેરાત.**

મધ્ય ગુજરાત વિજ કંપની લી, હેઠળની વડોદરા (સંઅનેનિ) વર્તુળ કચેરી હેઠળ આવેલ વી.આઇ.પી. ગેસ્ટ હાઉસ ખાતે ખાલી પડેલ ગેસ્ટહાઉસ એટેન્ડન્ટ/આસી. કૂક કમ ગેસ્ટ હાઉસ એટેન્ડન્ટ ની જગ્યાઓ નીચે પ્રમાણેની લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારોથી ભરવાની હોય, લાયક ઉમેદવાર પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | ખાલી જગ્યાઓઃ- | ૩ (ત્રણ) ( પૈકી- ૧ અનુસુચિત જનજાતિ, ૧- સામાજીક શૈક્ષણિક રીતે પછાત જાતિ,૧- સામાન્ય ઉમેદવારથી ભરવાની થાય છે). |
| ૨. | પગાર ધોરણઃ- | પગાર ધોરણઃ રૂ..૭૩૦૦-૧૭૯૪૦ તેમજ નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થા. |
| ૩. | શૈક્ષણિક લાયકાતઃ- | ગુજરાતી લખતાં તેમજ વાંચતા આવડતું હોવું જોઇએ. |
| ૪. | અનુભવ- | ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ જાહેરક્ષેત્ર હેઠળના ગેસ્ટ હાઉસ ખાતે કામ કરવાનો અથવા/અને ગુજરાત રાજય હેઠળના અન્ય જાહેરસાહસ (PSU) ના ઉચ્ચ અધિકારીઓ હેઠળ પટાવાળા/એટેન્ડન્ટ તરીકે કામ કરવાનો અનુભવ. |
| ૫. | જાતિનું પ્રમાણપત્રઃ- | અનુસુચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ગુજરાત રાજયના સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સામાજીક શૈક્ષણિક રીતે પછાત જાતિના ઉમેદવારોએ તા.૧/૪/૧૪ બાદ જારી કરવામાં આવેલ ક્રીમીલેયર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. |
| ૬. | વય મર્યાદાઃ- | જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસે વયમર્યાદા ૪૦ વર્ષ કરતા વધારે ન હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારોને ૫ વર્ષની ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે. |

ઉપરોકત શૈક્ષણિક લાયકાત, અનુભવ,વયમર્યાદા ધરાવતા લાયક ઉમેદવારોએ તેઓની અરજી તથા જરૂરી દસ્તાવેજી પુરાવા/પ્રમાણપત્રની પ્રમાણિત નકલો સહિત નીચે જણાવેલ સરનામે મોડીમાં મોડી **તા.૨૬/૦૩/૧૫** સુધી મોકલી આપવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ કોઇપણ પ્રકારની જાણ કર્યા સિવાય રદબાતલ ગણવામાં આવશે.

MGVCL WEB COPY

જે ઉમેદવારોએ અગાઉ તા.૧૯/૧૨/૧૪ ના રોજની જાહેરાતના સંદર્ભમાં સદર જગ્યાઓ માટે અરજી કરેલ હોઇ,તેઓએ પણ  ફરીથી નવેસરથી અરજી કરવાની રહેશે.

**સરનામું**

અધિક્ષક ઇજનેર(સંઅનેનિ),
મધ્ય ગુજરાત વિજ કંપની લી,
વર્તુળ કચેરી, ટી.બી. હોસ્પિટલ ની સામે, ગોત્રી રોડ, વડોદરા.૩૯૦૦૨૧

**અધિક્ષક ઇજનેર(સંઅનેનિ)**
વડોદરા.

MGVCL WEB COPY